# ગૌ જીવદયા ટ્રસ્ટ-મુક્તેશ્વર મહાદેવ ટ્રસ્ટમાંથી જયશ્રીગિરિ સહિતના ટ્રસ્ટીઓની હકાલપટ્ટી

## ચેરિટી કમિશનરે મુક્તેશ્વર ટ્રસ્ટનો વહીવટ કબજે કર્યો

ખંડણી, છેતરપિંડી, પઠાણી વ્યાજ સહિતના ગંભીર પ્રકારના આક્ષેપોનો સામનો કરી રહેલા સાધ્વી જયશ્રીગિરી સહિત તમામ ટ્રસ્ટ્રીઓની મુક્તેશ્વર ગૌ જીવદયા ટ્રસ્ટ અને મુક્તેશ્વર મહાદેવ ટ્રસ્ટમાંથી પણ હકાલપટ્ટી કરવામાં આવી છે. ચેરિટી કમિશનર દ્વારા લેવામાં આવેલા સુઓમોટો અરજી બાદ બંને ટ્રસ્ટની કામગીરી ચેરિટી કમિશનરે પોતાના હસ્તક લઈ લીધી છે. ૨૦૦ વીઘા જમીન સહિત મોટી રકમનો વહીવટ ધરાવતા બંને ટ્રસ્ટોમાં હિસાબ પણ રાખવામાં નહીં આવતો હોવાનું સ્પષ્ટ થતાં તંત્રએ કામગીરી કરી છે.જેને લઈ જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે.

ચેરિટી કમિશનર વાય.એમ.શુક્લ સમક્ષ બનાસકાંઠા એડિશનલ ચેરિટી કમિશનર દ્વારા કરાયેલા અહેવાલને ગંભીરતાથી લઈ જયશ્રીગિરી દ્વારા ગેરકાદેસર કબજો જમાવી લીધેલા ટ્રસ્ટ સામે સુઓમોટો કાર્યવાહી કરાઈ છે. બનાસકાંઠા જિલ્લાના એડિશનલ ચેરિટી કમિશનરને બંને ટ્રસ્ટના વહીવટકર્તા તરીકે નિમવામાં આવ્યા છે. તેમજ તાત્કાલિક અસરથી વહીવટ લઈ લેવામાં માટે આદેશ આપવામાં આવ્યો છે.આ નિર્ણયથી સાધ્વી જયશ્રીગીરીને વધુ અકે ફટકો પડ્યો હતો.


# વડગામ કોર્ટે સાધ્વીના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

વડગામ પોલીસે આજે સાધ્વીને વ્યાજખોરી અને ધમકીના ગુનામાં કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યાં સાધ્વીની જામીન અરજી નામંજૂર કરી કોર્ટે સાધ્વીના ૨ દિવસના પોલિસ રિમાન્ડ મંજુર કર્યા હતા.

વડગામ ખાતે સાધ્વી અને સહ આરોપી ચિરાગ રાવલ વિરુદ્ધ વ્યાજખોરી અને ધાકધમકી ની ફરિયાદ થઈ છે. જેને પગલે વડગામ પોલીસે ટ્રાન્સફર વોરન્ટને આધારે વડગામ પોલીસ મથકે લાવી વડગામ કોર્ટ મા રજૂ કર્યા હતા.જો કે કોર્ટ દ્વારા સાધ્વીના જામીન ના-મંજુર કરી ૨ દિવસ ના રિમાન્ડનો હુકમ કર્યો છે. સાધ્વીએ પોલીસ અને ન્યાયાલય પર વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે, ધર્મ બદનામ થઈ રહ્યો છે. ત્યારે ખોટા કેસ કરનારને ઈશ્વર પણ માફ નહીં કરે. જોકે, પાલનપુર પોલીસ મથકે નોંધાયેલા અલગ-અલગ કેસોમા ૧૦ દિવસના રિમાન્ડ મળ્યા હોવા છતાં પોલીસ હજુ સાધ્વી પાસે થી માહિતી ઓકાવવામાં નિષ્ફળ રહી છે. ત્યારે વડગામ પોલીસના રિમાન્ડ દરમિયાન શું બહાર આવે છે તે જોવું રહ્યું..!!

# સાધ્વી જયશ્રીગિરિ સામે આજે એકસાથે ચાર ફરિયાદી આવ્યા

સાધ્વી જયશ્રીગિરી પોલીસ હીરાસતમાં આવ્યા બાદ એક પછી એક પીડિત સાધ્વી સામે ફરિયાદ દાખલ કરવા માટે હિમંતપૂર્વક આગળ આવી રહ્યાં છે.







આજે ચાર વધુ ફરિયાદ સાધ્વી સામે ઉચ્ચાં વ્યાજ વસુલાત માટેની જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરવાની તૈયારી બતાવી છે જેના લીધે જયશ્રીગિરીની કાનૂની મુશ્કેલી હવે વધી રહી છે. મીડિયા સાથે વાતચીતમાં સાધ્વીથી પીડિત લોકોએ આપવીતી રજુ કરતા કહ્યું હતું સાધ્વીએ અમારી પાસેથી ઉચ્ચાં વ્યાજની વસુલાત કરવા માટે ધાક ધમકી આપીને વસુલ કરતી હતી.



## બાયડની વારેણા પ્રાથમિક શાળામાં ચોકલેટ ડેની ઉજવણી કરવામાં આવી

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના વારેણા ગામે આવેલી પ્રાથમિક શાળામાં ચોકલેટ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.વારેણા પ્રાથમિકશાળાના આચાર્ય જુબેદાબેન મિર્ઝા એ શાળાના સ્ટાફ સાથે વિદ્યાર્થીઓને ચોકલેટ આપી ચોકલેટ ડેની ઉજવણી કરવામાં આવી હતી.શાળામાં આચાર્ય તેમજ શિક્ષકો દ્વારા ચોકલેટ ડે ની ઉજવણી કરાતા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

# પ્રાંતિજના રાસલોડ ગામે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી બનાવેલ કલ્યાણ કેન્દ્રનું લોકાર્પણ

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રાસલોડ ગામે મજુર કલ્યાણ કેન્દ્રનું લોકાર્પણ તથા જલધારાનું ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો.



રાસલોડ ખાતે બનાવવામાં આવેલ મંજુર કલ્યાણ કેન્દ્ર જેમાં ૧૫ ટકા વિવેકાધિન યોજના તથા પ્રાંતિજ- તલોદ ના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ની ગ્રાન્ટમાંથી ૫ લાખ ફંડ મળી બનાવવામાં આવેલ મજુર કલ્યાણ કેન્દ્ર નું લોકાર્પણ પ્રાંતિજ સ્વામી નારાયણ મંદિર ના પ. પુ મહંત શ્રી પ્રાણ જીવનદાસજી ના વરદ્ હસ્તે યોજાયું હતું જયારે રાસલોડ ગામમાં જલધારા ભૂમિ કાર્યક્રમ પણ રાધાકૃષ્ણ મંદિર સલાટ પુર ના પ.પુ શ્રી બળદેવદાસજી ના વરદ્ હસ્તે યોજાયું હતું જયારે આ પ્રસંગે પાંતિજ- તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, રઈશભાઇ કસ્બાતી , જિલ્લાપંચાયત સદસ્ય રામસિંહ, તાલુકા સદસ્ય રામસિંહ મકવાણા, સરપંચ કાંતાબેન પરમાર, ડે.સરપંચ પટેલ સોનલ બેન તથા ગામ ના અગ્નિઓ , આગેવાનો સહિત ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ભિલોડા પોસ્ટ ઓફિસના કથળેલા વહીવટ સામે આક્રોશ

ભિલોડા,તા.૮

ભિલોડા પોસ્ટ ઓફીસનો કથળેલો વહીવટ અને અપુરતો સ્ટાફ હોવાથી ગ્રાહકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ભિલોડામાં પોસ્ટ ઓફીસના જાગૃત ગ્રાહકો અને ગ્રામજનોના જણાવ્યા મુજબ પોસ્ટ ઓફીસનો છેલ્લા કેટલાક સમયથી કથળેલો વહીવટ જોવા મળી રહ્યો છે. ભિલોડા તાલુકા મથક ખાતે મેઈન પોસ્ટ ઓફીસમાં વારંવાર કનેકટીવીટી ખોરવાતા ગ્રાહકોને ધરમધક્કા ખાવાનો વારો આવતો હોય છે. એક તરફ વર્ષોથી અપુરતો સ્ટાફ હોવાના કારણે ગ્રાહકો, એજન્ટો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. બીજી તરફ નોટબંધીની વિપરીત અસરોને કારણે ગ્રાહકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ભિલોડા પોસ્ટ ઓફીસ હાલના તબક્કે ભાડાના મકાનમાં ચાલતી હોઈ ત્યાં જગ્યા ખુબ નાની હોવાના કારણે ગ્રાહકોને ખુબ અઘવડતા ભોગવવી પડતી હોય છે. ભિલોડા તાલુકા મથક ખાતે મેઈન પોસ્ટ ઓફીસ બનાવવા માટે ભિલોડા ગ્રામ પંચાયત પાસે જગ્યાની ફાળવણી થઈ હોવા છતાં પોસ્ટ વિભાગ ધ્વારા નવિન મકાન બનાવવા સંદર્ભે યોગ્ય ન્યાયિક કાર્યવાહી કરવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે. પોસ્ટ વિભાગના ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ જાણે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોય તેમ અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી તેમ લોકમુખે જાણવા મળેલ છે. ભિલોડામાં વયોવૃધ્ધ પેન્શનરો, ગ્રાહકો હેરાન-પરેશાન જોવા મળી રહ્યા છે. ભિલોડા પોસ્ટ ઓફીસનો અંધેરી નગરી ગંડુ રાજા જેવો વહીવટ ચાલતો હોવાનું લોકમુખે ચર્ચાય છે. ઉચ્ચ કક્ષાના અધિકારીઓ ધ્વારા પોસ્ટ ઓફીસનો કથળેલો વહીવટ સત્વરે સુધારવામાં આવે અને અપુરતો સ્ટાફ હોઈ પુરતો અનુભવી વહીવટી કુશળતા ધરાવતો સ્ટાફ મુકવામાં આવે તેવી ગ્રાહકો-પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.



ઈડર તાલુકાના નવગામ લેઉઆ પાટીદાર સમાજનો ૩૦મો સમુહલગ્નોત્સવ કૃષ્ણનગર પટેલ સમાજવાડીમાં યોજાયો હતો. ૨૩ નવદંપતીઓએ પ્રભુતામાં કુંમકુંમ પગલા પાડ્યા હતા. આ પ્રસંગે મુળજીભાઈ હરીભાઈ પટેલ લાલોડા મુખ્ય દાતા, ગુજરાત વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરા, ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયા, કનુભાઈ પટેલ ખોડલધામ ટ્રસ્ટી કાગવળ,પાટીદાર સમાજના અગ્રણી આગેવાનો,ભાઈઓ, બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. લેઉઆ પાટીદાર સમાજના ૨૩ નવદંપતીઓએ પ્રભુતામાં કુંમકુંમ પગલા પાડનાર નવયુગલોને સ્વામીનારાયણ સંપ્રદાયના મહંતશ્રીએ આશીર્વચન પાઠવ્યા હતા.

# પાલનપુરમાં રહેતા રાકેશ ચૌહાણ સાધ્વી સામે ફરિયાદ નોંધાવશે

## ધંધા માટે ૫ લાખને બદલે ૧૫ લાખ આપ્યા બાદ પણ વસુલાત બાકી : વારંવાર નાણાં માટે સાધ્વી ફોન પર ધમકી અને માંગણી યથાવત

વ્યાજની વસુલાત માટે સાધ્વી જયશ્રીગીરી મોબાઈલ પર બીભત્સ વાણી વિલાસનો ઓડિયો તાજેતરમાં વાયરલ થયો હતો. પાલનપુરમાં રહેતા રાકેશ ચૌહાણએ સાધ્વી પાસેથી ધંધા માટે ૫ લાખ લીધા હતા. જો કે સમય જતા સાધ્વીએ ૫ લાખના ૧૫ લાખની વસુલાત કરી હતી છતાં વારંવાર નાણાં માટે સાધ્વી ફોન પર માંગણી કરી બિભિત્સ શબ્દોમાં ધાક ધમકી આપતી હતી. જેથી સાધ્વીના ડરથી બચવા માટે રાકેશ પાલનપુર છોડીને સુરત રહેવા ગયો હતો છતાં પણ સાધ્વીની દમનગીરી અંત આવ્યો



ન હતો અનેક વાર સાધ્વીએ તેના સાગરીતો સાથે આવીને ચપ્પુ અણીએ મારી નાખવાની ધમકી આપી હતી.

એટલું જ નહિ રિવોલ્વરથી ઉડાઈ દેવાની ગર્ભિત ધમકી પણ આપી હતી. આજે સુરતથી પાલનપુરમાં આવેલા સાધ્વી પીડિત રાકેશ રાવલએ મીડીયા સમક્ષ સાધ્વીની ગુંડાગીરીની દર્દભરી દાસ્તાન રજુ કરી હતી. પીડિત રાકેશએ પણ જણાવ્યું હતું. સાધ્વી જયશ્રીગીરીએ પણ ધમકી આપી હતી કે પાલનપુરની પોલીસને હું ગજવામાં લઈને ફરું છે.



## અરવલ્લી જિલ્લામાં પાછોતરી ઠંડીથી ઘઉંની ઉપજ વધશે

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં પાછોતરી ઠંડીનું જોર અંકદરે વધુ રહેતા ઘઉંની ઉપજ વધશે તેવા એંધાણ વર્તાયા ખેડુતો ખુશખુશાલ જોવા મળી રહ્યા છે. આ વર્ષે ખેડુતો ધ્વારા મોટા પાયે ઘઉંનું વાવેતર થયું છે. પાછોતરી ઠંડીનો ચમકારો વધતાં ઘઉંનું ઉત્પાદન વધવાના સંકેત મળતાં ઘઉંની ઉંબીમાં દાણો બેસવા ટાણે જ ઠંડી વધતાં ઉત્પાદન વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ઉત્તર ભારતમાં થઈ રહેલી હિમવર્ષાના કારણે છેલ્લા એક સપ્તાહથી તાપમાનનો પારો નીચે ઉતરતાં પ્રજાજનો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. પાછોતરી ઠંડી ખેડુતો માટે ઉપયોગી સાબીત થઈ રહી છે.અગાઉ તૈયાર કરાયેલા પાકો જેવા કે, ઘઉં, રાયડો, ચણા, વરીયાળી, મકાઈ, શાકભાજી સહિત વિવિધ પ્રકારના વાવેતર પૈકી ઘઉંના પાકોમાં દાણો બેસવાના સમયે ઠંડીનું એકદંરે વધતાં ઘઉંનું ઉત્પાદન વધવાના સંકેતો મળી રહ્યા છે. રવિપાકોના વિવિધ વાવેતર માટે આ ઠંડી ઝાકળને બાદ કરતાં અનુકુળ હોય તેવું ખેડુતો ધ્વારા જાણવા મળી રહ્યું છે. ઘઉંનું મબલક ઉત્પાદન થશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# પ્રાંતિજ ખાતે શ્રી વિશ્વકર્મા ભગવાનની જન્મ જયંતીની દબદબાભેર ઉજવણી

## સુથાર, સથવારા, કડીયા સમાજનાં ભાઈઓ સહિત હાથકલા કારીગરી સાથે સંકળાયેલા ભાઈઓએ ધંધા રોજગાર બંધ રાખ્યા

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં શ્રી વિશ્વકર્મા જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સવારથીજ શ્રી વિશ્વકર્મા દાદાના મંદિરે ભક્તોની ભીડ જોવાં મળી હતી.

પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ વૈશ્ય સુથાર રામજીમંદિરમાં



વિશ્વકર્મા જન્મ જયંતી ૨૨માં અમૃત મહોત્સવની ઉજવણી ખૂબજ ધામધુમથી કરવામાં આવી હતી અને વહેલી સવારે મંદિરમાં મંગલા આરતી યોજાઈ હતી અને દુધા અભિષેક પણ કરવામાં આવ્યો હતો જયારે સવારથીજ મંદિરમાં દાદા ના દર્શન કરવાં લોકો ઉમટી પડયા હતા અને મંદિર સંકુલ માં ભકતો ની લાંબી લાંબી લાઈનો જોવાં મળી હતી અને સુથાર, સથવારા, કડીયા સમાજનાં ભાઈઓએ સહિત હાથ કલાકારી ગરી સાથે સંકળાયેલા ભાઈઓ એ પણ ધંધારોજગારો બંધ પાડયા હતાં જયારે મંદિરમાં હવન ભજનકિતન કાર્યક્રમો પણ યોજાયા હતાં અને અને દાદા ના દર્શન કરીને ભોજન સ્વરૂપે પ્રસાદ લઈને ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

# તલોદ પાલિકાના મહિલા પ્રમુખ સામેની અવિશ્વાસ દરખાસ્ત પાછી ખેંચાઈ

તલોદ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાની તલોદ નગરપાલિકાના મહિલા પ્રમુખ સામે પાલિકાના જ ચૂંટાયેલા કોર્પોરેટરે કરેલ અવિશ્વાસની દરખાસ્ત આજે ૨૮ દિવસે પરત ખેંચી લેતાં પાલિકા અને તલોદના રાજકારણમાં અનેક નવા સમીકરણો પેદા થયા છે. જે અવિશ્વાસની દરખાસ્તમાં ભાજપના જ ૭ સભ્યોએ અને કોંગ્રેસના ૭ સભ્યોએ સહીઓ કરી હતી. જે પૈકીના કોંગ્રેસના ૧ સભ્યએ પોતે સહી નહી કરી હોવાનું સોગંદનામુ રજૂ કર્યુ હતુ. જેથી અવિશ્વાસની દરખાસ્ત બાદ પણ પ્રમુખ સત્તા પર રહ્યા હતા. બાદ આજે સાંજે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી ચૂકેલા ન.પા.ના કોર્પોરેટર પ્રવિણભાઈ આર. પટેલે ગત તા. ૧૦-૧-૧૭ના રોજ કરેલ અવિશ્વાસની દરખાસ્ત પરત ખેંચવા સંદર્ભનો પત્ર ચિફ ઓફિસરને સુપ્રત કર્યો હતો.

# મેઘરજમાં તૂટી ગયેલી ગટરની કામગીરી હાથ ધરાતા પ્રજાજનોમાં આનંદ છવાયો

મેઘરજ, તા. ૯

મેઘરજ નગરમાં ગુજરાતી પ્રાથમિક કન્યા શાળા નં. ૨ની નજીક છેલ્લા બે મહિનાથી પસાર થતી ગટર લાઈન તુટી જતા ગ્રામ પંચાયતની ઘોર બેદરકારીના પગલે શાળામાં અભ્યાસ કરતા બાળકો અને આજુબાજુના રહેણાંક વિસ્તારોમાં ખુલ્લી ગટરમાંથી માથુ ફાડી નાખે તેવી દુર્ગંધ અને ગંભીર બિમારીમાં સપડાવવાનો ભય પેદા થતા રહીશોએ મેઘરજ ગ્રામ પંચાયતમાં અનેકવાર રજૂઆત કરવા છતાં પ્રજાજનોનાં અવાજ સાંભળવાની ફૂરસદ નહોતી ત્યારે ગાંધીનગર સમાચારના અહેવાલના પગલે ગ્રામ પંચાયત દોડતી થઈ હતી અને ગટર રીપેરીંગની કામગીરી હાથ ધરી હતી.

મેઘરજ નગરમાં ગુજરાતી પ્રાથમિક કન્યા શાળા નં. ૨ની નજીકથી પસાર થતી ગટર લાઈન અગમ્ય કારણોસર તુટી જતા શાળામાં અભ્યાસ કરતા બાળકો અને આજુબાજુના રહીશોમાં ગટરની ગંદકીથી ગંભીર બિમારીમાં સપડાવવાનો ખોફ પેદા થયો હતો. તદ્ ઉપરાંત અહીંથી પસાર થતા વાહનચાલકોના વાહનો વારંવાર તુટેલી ગટરમાં ખાબકતા તોબા પોકારી ઉઠ્યા હતા. ગુજરાતી પ્રાથમિક શાળાના આજુબાજુમાં રહેતા રહીશો દ્વારા મેઘરજ ગ્રામ પંચાયતમાં અનેકવાર રજૂઆત કરવા છતાં ગ્રામ પંચાયતના સત્તાધીશો રહીશોની માંગણીને ટલ્લે ચડાવતા બે મહિનાથી તોબા પોકારી ઉઠ્યા હતા. તુટી ગયેલી ગટર સત્વરે રીપેર કરવામાં આવેનો અહેવાલ ગાંધીનગર સમાચારમાં છપાતા મેઘરજ ગ્રામ પંચાયતના સત્તાધીશો સમાચારની ગંભીર નોંધ લઈ



સફાળા જાગી તાબડતોડ તંત્ર કામે લાગી. તુટેલી ગટરોની રીપેરીંગની કામગીરી હાથ ધરતા શાળામાં અભ્યાસ કરતા બાળકો અને આજુબાજુના રહેણાંક વિસ્તારોમાં રહેતા રહીશો ગટર રીપેરીંગથી ગંદકી દૂર થવાની સાથે તેમના માથે તોળાતો ગંભીર બીમારીઓનો ભય ટળી ગયો હતો.

ગાંધીનગર સમાચારના ૩જી ફેબ્રુઆરીના રોજ તુટી ગયેલી ગટર રીપેરીંગ અંગેના સમાચારના પગલે ગટર લાઈનની રીપેરીંગની કામગીરી હાથ ધરાતા શાળામાં અભ્યાસ કરતા બાળકો, આજુબાજુના રહીશો અને અહીંથી પસાર થતા વાહનચાલકોમાં આનંદની લાગણી છવાઈ હતી. અને પ્રજાના પ્રશ્નોને વાચા આપી હલ કરવાની સફળ કામગીરી કરવા બદલ ગાંધીનગર સમાચારના મેઘરજના પ્રતિનિધિ મહેશ પ્રજાપતિનો નગરજનોએ આભાર વ્યક્ત કર્યો હતો.